# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલયની કેન્દ્રીય ટીમ રાજ્યની મુલાકાતે છે.

2) નવી દિલ્હીની એઇમ્સે ઉત્તર ભારત અને પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોમાં તબીબી સહાય માટે ડોકટરો અને નર્સોની એક ટીમ મોકલી.

3) દેશભરમાં આજે ગણેશ વિસર્જન..મુંબઈ સહિત અનેક શહેરોમાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા.

4) ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર 3 અબજ 51 કરોડ ડોલર વધીને 694 અબજ 20 કરોડ ડોલરથી વધુ થયો.

5) થાઇલેન્ડની સંસદે ઉદ્યોગપતિ અનુતિન ચાર્નવિરાકુલને દેશના પ્રધાનમંત્રી તરીકે ચૂંટ્યા.

6) વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપનો આજથી દક્ષિણ કોરિયાના ગ્વાંગજુમાં આરંભ.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CENTRAL TEAM – JAMMU

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલયની કેન્દ્રીય ટીમે ગઈકાલે રિયાસી જિલ્લાની મુલાકાત લીધી હતી. કેન્દ્રીય ટીમે સમુદાય-આધારિત આપત્તિ તૈયારીઓને મજબૂત બનાવવા અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓના પુનઃસ્થાપનને પ્રાથમિકતા આપવાનું સૂચન કર્યું હતું.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) ના સંયુક્ત સચિવ કર્નલ કીર્તિ પ્રતાપ સિંહની આગેવાની હેઠળની ટીમે ગઈકાલે ઉધમપુર અને રિયાસી અને ગુરુવારે કઠુઆ જિલ્લાની મુલાકાત લીધી હતી. કેન્દ્રીય ટીમે ડોમેલ-કટરા હાઇવે, ભૂસ્ખલનથી પ્રભાવિત બાલાની પુલ અને કટરામાં શનિ મંદિર નજીક ભૂસ્ખલન સ્થળ સહિત અનેક અસરગ્રસ્ત સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ટીમે પાકના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ખેતરોની મુલાકાત લીધી હતી અને ખેડૂતોને મળ્યા હતા.

કેન્દ્રીય ટીમે કટરાના અધ્યાત્મિક વિકાસ કેન્દ્ર ખાતે કરેલી એક સમીક્ષા બેઠકમાં રિયાસીના નાયબ  કમિશનર નિધિ મલિકે જાનમાલ, પશુધન, પાક, ઘરો, સરકારી મિલકત અને જાહેર મિલકતોના નુકસાનનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે ટીમને પુનર્નિર્માણ કાર્ય, રાહત કાર્ય અને પુનર્વસન અંગેના પગલાંથી પણ વાકેફ કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત લોકો માટે માહોર, જેમસલાન અને સરહ ખાતે રાહત શિબિરો બનાવાયા છે જ્યાં ખાદ્ય પદાર્થો, આશ્રય, તબીબી સહાય અને અન્ય આવશ્યક વસ્તુઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# IAF - JAMMU FLOOD

જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય હવાઈદળે ગઈકાલે ઉધમપુર જિલ્લાના પૂરગ્રસ્ત દમ્મોટ પંચાયતના લોકોને હેલિકોપ્ટર દ્વારા લગભગ છ ટન રાહત સામગ્રી પહોંચાડી હતી. સંરક્ષણ વિભાગના જનસંપર્ક અધિકારીએ જમ્મુમાં આ માહિતી આપી હતી. ઉધમપુર જિલ્લામાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે જનજીવન ખૂબ પ્રભાવિત થયું છે.

# AIIMS-FLOOD RELIEF

નવી દિલ્હીનીઅખિલ ભારતીય આયુવિજ્ઞાન સંસ્થા એઇમ્સે ઉત્તર ભારત અને પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોમાં તબીબી રાહત અને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે ડોક્ટરો અને નર્સોની એક ટીમ મોકલી છે.

આ ટીમમાં 11 ડોકટરો અને 11 નર્સોનો સમાવેશ થાય છે. જેમાં મેડિસિન, મનોચિકિત્સા, બાળરોગ, સર્જરી અને રેડિયોડાયગ્નોસિસ સહિત વિવિધ વિભાગોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. એઇમ્સ દ્વારા જાહેર થયેલી માહિતી અનુસાર, ટીમ અસરગ્રસ્ત સમુદાયોને તબીબી સંભાળ, દવા અને સહાય પૂરી પાડશે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા એઇમ્સના રેડિયોડાયગ્નોસિસ વિભાગના સહાયક પ્રોફેસર અમરિંદર સિંહે જણાવ્યું હતું કે તાલીમ પામેલી અને જરૂરી બધી બાબતોથી સજ્જ આ ટીમ અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક સહાય પૂરી પાડશે.

# MANDAVIYA- MY BHARAT

સરકાર પંજાબ અને હિમાચલ પ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી માટે હજારો પ્રશિક્ષિત મેરા યુવા ભારત આપદા મિત્ર તૈનાત કરશે.

રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં માય ભારત મુખ્યાલય ખાતે આયોજિત ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ માહિતી આપી હતી. તેમણે માય એટલે કે મેરા યુવા ભારત સ્વયંસેવકો અને જિલ્લા યુવા અધિકારીઓને અસરગ્રસ્ત લોકોને રાહત પૂરી પાડવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે મળીને કામ કરવા અબૂરોધ કર્યો હતો. માય ભારત એક રાષ્ટ્રવ્યાપી પ્લેટફોર્મ છે જે સ્વયંસેવકતા અને અનુભવ આધારિત શિક્ષણ દ્વારા યુવાનોને જોડવા અને સશક્ત બનાવવા માટે રચાયેલ છે.

# AUTOMOBILE - GST REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીરથી દિવાળી સુધી વસ્તુ અને સેવા કર – GST માં સુધારાની જાહેરાત કરી હતી.

દેશના અર્થતંત્રને વધુ કાર્યક્ષમ અને લોકો માટે લાભદાયી બનાવવાના પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવા ત્રીજી સપ્ટેમ્બરના રોજ GST કાઉન્સિલે દરોના સુધારાને મંજૂરી આપી. આ સુધારાઓ બાદ હવે પરોક્ષ કર પ્રણાલીમાં 5 અને 18 ટકાના ફક્ત બે સ્લેબ છે. પહેલા પાંચ ટકા, બાર ટકા, 18 અને 28 ટકાના ચાર સ્લેબ હતા.

GSTમાં આ સુધારા સામાન્ય લોકોનું જીવન સરળ બનાવવા માટે કરવામાં આવ્યા છે. નવા દર 22 સપ્ટેમ્બરથી અમલમાં આવશે. ઓટોમોબાઈલ ક્ષેત્રના GST સુધારાઓ અંગે એક અહેવાલ સાંભળીએ.

(બાઇટ – અમન)

# GANESHA IMERSSION

દસ દિવસ સુધી ચાલેલા ગણેશ ઉત્સવ બાદ આજે અનંત ચતુર્થીએ ગણેશ વિસર્જન કરાશે. મુંબઈમાં 65 કુદરતી જળાશયો અને 205 કૃત્રિમ તળાવોમાં આશરે છ હજાર 500 સાર્વજનિક ગણપતિ મૂર્તિઓ અને એક કરોડ 75 લાખ કરતા વધુ ઘરેઘરે સ્થાપિત પ્રતિમાઓનું વિસર્જન કરાશે.

ગણેશ વિસર્જન સમારોહ માટે, સ્થાનિક વહીવટીતંત્ર અને મુંબઈ પોલીસ દ્વારા સુરક્ષા, સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણને અનુકૂળ વ્યવસ્થા માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રાફિકનું નિયમન કરવામાં આવી રહ્યું છે અને સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. શહેરમાં 10 હજાર મજબૂત સર્વેલન્સ કેમેરા નેટવર્કનો ઉપયોગ આ વર્ષે તેમના પ્રિય બાપ્પાને અંતિમ વિદાય આપવા માટે મુંબઈના દરિયાકિનારા પર આવતી વિશાળ ભીડ પર નજર રાખવા માટે કરવામાં આવશે. જ્યારે તેલંગાણામાં પણ ગણેશ વિસર્જન નિમિત્તે વિશેષ વ્યવસ્થા કરાઇ છે.

ગુજરાતમાં પણ વડોદરા, સુરત અને અમદાવાદ સહિતના શહેરો અને નગરો તેમજ ગામડાઓમાં હજારો મૂર્તોનું વસર્જન કરવા માટે સલામતીનો ચુસ્ત બંદોબસ્તકરાયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# FOREX RESERVES

**ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર 29 ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં 3 અબજ 51 કરોડ ડોલર વધીને 694 અબજ 20 કરોડ ડોલરથી વધુ થયો છે.**

**રિઝર્વ બેંકના સાપ્તાહિક આંકડાકીય પ્રકાશન મુજબ, વિદેશી હૂંડિયામણ ભારતના ભંડારનો મુખ્ય ઘટક છે, જે લગભગ એક અબજ 69 કરોડ ડોલર વધીને 583 અબજ 90 કરોડ ડોલરથી વધુ થયો છે. સોનાનો ભંડાર એક અબજ 76 કરોડ ડોલરથી વધુ વધીને 86 અબજ 76 કરોડ ડોલર થયો છે. સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સ ચાર કરોડ ડોલર વધીને 18 અબજ 77 કરોડ ડોલર થયા છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળમાં રિઝર્વ બેંકની સ્થિતિ એક કરોડ આઠ કરોડ ડોલર વધીને ચાર અબજ 74 કરોડ ડોલરથી વધુ થઈ છે.**

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આવતીકાલ સુધી પૂર્વ રાજસ્થાન અને ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

આજે રાજસ્થાન, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રના બાકીના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, મુઝફ્ફરાબાદ, બિહાર, હિમાચલ પ્રદેશ અને તેલંગાણામાં ભારે પવન અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઝારખંડ, મરાઠવાડા, તમિલનાડુ પુડુચેરી અને કરાઈકલમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.

દિલ્હી-NCRમાં આજે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા સાથે ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

# THAILAND PRIME MINISTER

થાઇલેન્ડની સંસદે ઉદ્યોગપતિ અનુતિન ચાર્નવિરાકુલને દેશના પ્રધાનમંત્રી તરીકે ચૂંટ્યા છે. તેઓ છેલ્લા બે વર્ષમાં ત્રીજા પ્રધાનમંત્રી છે. તેમણે પટોંગટાર્ન શિનાવાત્રાનું સ્થાન લીધું, જેમને ગયા અઠવાડિયે કંબોડિયા સાથેના સરહદ

વિવાદના ગેરવહીવટ માટે બંધારણીય અદાલત દ્વારા પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

અનુતિન ચાર્નવિરાકુલની ભૂમજૈથાઈ પાર્ટીએ પ્રધાનમંત્રી બનવા માટે જરૂરી નીચલા ગૃહના અડધાથી વધુ મત સરળતાથી મેળવી લીધા. પાર્ટીને સંસદમાં 247 થી વધુ મત મળ્યા અને 492 સભ્યોના પ્રતિનિધિ ગૃહમાં બહુમતીનો આંકડો પાર કર્યો.

# WORLD ARCHERY CHAMPIONSHIPS

વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપનો આજથી દક્ષિણ કોરિયાના ગ્વાંગજુમાં આરંભ થઈ રહ્યો છે. ભારતની 12 સભ્યોની ટીમ તેમાં ભાગ લઈ રહી છે. ભારતે અંતિમ વાર આ સ્પર્ધામાં ત્રણ સુવર્ણ અને એક કાંસ્ય ચંદ્રક સાથે સ્પર્ધામાં ટોચનું સ્થાન મેળવ્યું હતું અને તે જ સફળતાને પુનરાવર્તિત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

ભારતે રિકર્વ તીરંદાજીમાં દીપિકા કુમારી અને ધીરજ બોમ્મદેવરા ચંદ્રક મેળવી રેકોર્ડ બનાવે તેવી આશા છે. પુરુષોની રિકર્વ ટીમમાં ધીરજ સાથે નીરજ ચૌહાણ અને રાહુલનો સમાવેશ થાય છે, જ્યારે 15 વર્ષીય ગાથા ખડકે મહિલા રિકર્વ ટીમમાં દીપિકા કુમારી અને અંકિતા ભકત સાથે રહેશે.

જ્યારે પુરૂષોની કમ્પાઉન્ડ ટીમમાં પ્રથમેશ ફૂગે, અમન સૈની અને ઋષભ યાદવ અને મહિલા ટીમમાં જ્યોતિ સુરેખા વેન્નમ, પરનીત કૌર અને પ્રિતિકા પ્રદીપનો સમાવેશ થાય છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- ભારત-રશિયા-ચીન વચ્ચે નવા સંબંધો અંગે ટ્રમ્પની વિટંબણાના સમાચારને તમામ અખબારોએ મુખ્ય સમાચારમાં સ્થાન આપ્યું છે.
- દિવ્ય ભાસ્કર લખે છે દગાબાજ ટ્રંપને દોસ્તી યાદ આવી....
- સંદેશનું શીર્ષક છે ભારત -રશિયાને ખતરનાક ચીન સામે ગુમાવ્યા : ટ્રંપ
- નવ ગુજરાત સમય લખે છે ....ટ્રંપ ને અફસોસ : અમેરિકાએ ખંધા ચીનને લીધે ભારત રશિયા ગુમાવ્યા.
- ગુજરાત સમાચારે મુંબઈમાં 14 આતંકી ઘુસ્યાં : અફવાએ પોલિસને ધંધે લગાડી..ને મુખ્ય મથાળું બનાવ્યું છે.
- આ સાથે ...બેન્ક ઓફ બરોડાએ અનિલ અંબાણીના R-COM લોન ખાતાને ફ્રોડ જાહેર કર્યા....., US ટેરિફથી અસર પામેલા નિકાસકારો માટે ટૂકમાં રાહત-પેકેજ જાહેર કરાશે : સિતારમન.... 45,000 કિમી ની ઝડપે પસાર થયેલા લઘુ ગ્રહની ટકકરથી પૃથ્વી નો બચાવ... જેવા વિવિધ સમાચારોને પણ પ્રથમ પાને સ્થાન મળ્યું છે